[144-A-37] Seat No. _____ No. of printed page : 3

# SARDAR PATEL UNIVERSITY
## B.A. (VI- SEMESTER) EXAMINATION
**Friday, 29th March 2019**
**2.00 p.m. to 5.00 p.m.**
**UA06CGLT20 : GUJARATI - Apthit (Anasin)**

**Total Marks : 70**

પ્ર.૧ નીચેના પરિચ્છેદનું વિસ્તારથી વિવરણ કરો. (20)

"વસંતપંચમી એ કુદરતનું યૌવન છે. જેની રહેણી કુદરતથી વિખૂટી થઈ નથી, કુદરતને રંગે જે રંગાય છે તે વસંતનું આગમન, વગર કહ્યે, અનુભવે છે."
વસંત જ્યારે આવે છે ત્યારે યૌવનના ઉન્માદ સાથે આવે છે. યૌવનમાં સુંદરતા હોય છે, પણ હંમેશાં ક્ષેમ હોય છે જ એમ નથી. યૌવનમાં શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જાળવવું બહુ જ અઘરૂં હોય છે, તેમ વસંતમાં પણ છે. તારુણ્યની પેઠે વસંત પણ લહેરી અને ચંચળ હોય છે.
વસંતમાં પ્રાણીમાત્ર ઉપર આકર્ષક કાન્તિ ચડે છે, પણ તે તેટલી જ જોખમકારક હોય છે. વસંતના ઉલ્લાસમાં સંયમની ભાષા શોભતી નથી, સહન થતી નથી, પણ તે જ વખતે તેની અત્યંત જરૂર હોય છે.

- કાકાસાહેબ કાલેલકર

અથવા

"પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક કે કોલેજ-શિક્ષણની કોઈ પણ કક્ષાએ ઉત્કૃષ્ટતાના આગ્રહો આપણે રાખી નથી શકતા એને આપણે કયા પ્રકારની લાચારી કહીશું? શિક્ષણનું ચિત્ર નરી બેહાલીનું છે, અંગ્રેજી હોય કે માતૃભાષા, શુદ્ધ લેખન અને ભાષાના ઉચિત પ્રયોગની આશા લગભગ મરી પરવારી છે. એના વરવા નમૂના હવે તો ગુજરાતી ટીવી ચેનલ અને વર્તમાનપત્રોમાં ભરપટ્ટે જોવા મળે છે. કાચા વિદ્યાર્થીઓની પેઢીનું હવે તો કાચા શિક્ષકોમાં રૂપાંતર થઈ ચૂક્યું છે, એનું શું કરીશું? ઉપર ચડાવી દેવાની નીતિએ એવો દાટ વાળ્યો છે કે આઠમા ધોરણનો વિદ્યાર્થી પણ વાંચવા-લખવામાં તતપપ. સતત તાણગ્રસ્ત અને સ્પર્ધા સિવાય કશું ન વિચારતાં વિદ્યાર્થીઓમાં કયું તેજ શોધીશું? એડમિશન માટે લાચાર દશામાં ભમતા વાલીઓ, બ્હાવરા વિદ્યાર્થીઓ અને નર્યા વેપારી ધોરણે ચાલતી શિક્ષણ સંસ્થાઓ, આ ચિત્રમાં કયા આદર્શો મળવાના?

-હિમાંશી શેલત

